ગાંધીનગર સમાચાર

# તલોદમાં વરસાદી પાણીથી ગંદકીના ઢગ

## કાદવ-કીચડ અને ગંદા પાણીના ખાબોચીયાઓથી રોગચાળાની દહેશત, તંત્ર સ્વચ્છતા કામગીરીમાં ગતિ લાવે તેવી માંગ

તલોદ, તા. ૧

તલોદ શહેરમાં ભુગર્ભ ગટર તથા પાણીની લાઈનોના ખોદકામ પછી જમીનને સમતળ ના કરાતાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા છે. મુખ્ય નવીન બનાવેલ માર્ગની આજુબાજુ પણ ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. જેથી કાદવકીચડ સહિત સર્જાયેલ ગંદકીના સામ્રાજ્યથી રોગચાળાની દહેશત ઉભી થઈ છે. વધુમાં શહેરના વોર્ડમાં જવા-આવવાના રસ્તા તુટી જતાં ચાલવુ પણ મુશ્કેલ બની ગયું છે. તંત્રની સ્વચ્છતા કામગીરીને વિશાળ ફલક ઉપર લઈ જઈ તેજ ગતિએ કામગીરી હાથ ધરવા શહેરના પ્રજાજનોએ માંગ કરી છે.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ગંદકીના ઢગ ઉભા થયા છે. જેમાં વળી વોર્ડ નં. ૬ કે જેમાં શ્રમજીવી વસાહતોની સંખ્યા વધુ છે ત્યાં કાદવ, કીચડ તેમજ ખુલ્લી બનાવેલ નહેરો ગંદા પાણી, લીલ અને ઝાડના પાંદડાઓથી ખદબદી રહી છે. જે સમયસર સાફસુફ થતી નથી તેમજ દવાનો છંટકાવ પણ કરવામાં આવતો નથી. આનંદ પાર્ક પાસેથી વસાહત તરફ જવાનો રસ્તો પાણીમાં ગરકાવ થઈ ગયો છે જેથી રામનગર, અંબિકાનગર, માણેકલાલ માસ્તરની ચાલી વગેરે વિસ્તારમાં ચાલતા પસાર થવુ તે પણ મુશ્કેલ બન્યું છે.

વરસાદી પાણીના ખાબોચીયામાં ગંદકી થકી મચ્છરોની ઉત્પત્તિ અનેક ઘણી વધી જતાં મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, મરડો, કોલેરા જેવા રોગચાળો ફેલાવવાની શક્યતાથી ભયનો માહોલ સર્જાયો છે. વધુમાં પાણીની લાઈનો, ગટર લાઈનો તથા ગેસ કનેક્શન લાઈનોના ખોદકામ પછી જે તે વોર્ડના આંતરિક માર્ગોની જમીન સમતળ ન કરતાં ઊંટના ઢેકા જેવા માર્ગ બની જઈ પાણીનો ભરાવો થઈ ગયો છે અને તેમાં લીલ બાજી જવાથી દુર્ગંધ ફેલાઈ રહી છે. શહેરની પ્રજાના આરોગ્ય સામે ગંભીર ખતરો પેદા થાય તે પહેલાં તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે. તંત્રની સ્વચ્છતા ઝુંબેશ અમુક ક્ષેત્ર પુરતી મર્યાદિત ન બની વિશાળ ફલક ઉપર સમગ્ર શહેરને આવરી લઈ તાત્કાલિક ધોરણે ગંભીર ગણાતી સ્વચ્છતાને પ્રાધાન્ય આપી શહેરને સુંદર, રળીયામણુ અને રોગમુક્ત બનાવવા કામગીરીમાં ગતિ લાવવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.







## ધાનેરામાં મેઘરાજા મન મુકીને વરસ્યા

ધાનેરા સહીત સમગ્ર જિલ્લામાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. ત્યારે ધાનેરા શહેર સહીત રહેણાંક વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. લોકોને ઘરમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. તો બીજી તરફ જાહેર રસ્તા પાણીમાં ધોવાઈ જતા વાહન વ્યવહાર પણ અટવાઈ જવા પામ્યો છે. ધાનેરા વિસ્તારના લોકો છેલ્લા ઘણા સમયથી વરસાદની કાગડોળે રાહ જોઈને બેઠા હતા ત્યારે ગત રાતથી શરૂ થયેલા વરસાદે ધાનેરામાં પાણી પાણી કરી નાખ્યુ છે. લોકોના ઘરોમાં પણ પાણી ઘુસી ગયા છે તો બીજી તરફ લોકોને ઘરમાંથી નીકળવુ પણ મુશ્કેલ બની ગયું છે. તો બીજી તરફ જાહેર રસ્તા પાણીમાં ધોવાઈ જતા વાહન વ્યવહાર પણ અટવાઈ જવા પામ્યો છે.

# મોડાસાની જયભવાની સ્વીટ માર્ટ પર અખાદ્ય મીઠાઈનો વેપલો

## જિલ્લા પુરવઠા અને નગરપાલિકાતંત્રનો સંયુક્ત દરોડો : સેમ્પલની કાર્યવાહી હાથ ધરાઈ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં બિલાડીના ટોપની જેમ ઠેર-ઠેર મીઠાઈ અને નમકીનની દુકાનો ખડકી દઈ હલકી ગુણવત્તાના માવાનો ઉપયોગ કરી તેમજ તેલની મીલાવટ કરી બિનઆરોગ્ય પ્રદ મીઠાઈનું ધુમ વેચાણ કરી તગડો નફો કમાઈ લેવાની લ્હાયમાં જિલ્લાના પ્રજાજનો અને મોડાસાના નગરજનોના સ્વાસ્થ સાથે ખુલ્લેઆમ ચેડા કરતા હોવાની અનેકવાર બૂમ ઉઠવા પામી છે. મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામના યુવાનોએ પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવના મંદિરમાં પ્રસાદી તરીકે રસમલાઈ (જયભવાની) સ્વીટ એન્ડ નકીન ભંડારમાંથી ખરીદેલી મીઠાઈથી ફૂડ પોઈઝનીંગ થતા આ અંગે જિલ્લા પુરવઠા અધિકારીને અરજી કરાતા મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી જયભવાની રસમલાઈ એન્ડ સ્વીટ માર્ટ નામની મીઠાઈની દુકાનમાં જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર જિલ્લા પુરવઠા વિભાગ અને નગરપાલિકાતંત્ર દ્વારા સંયુક્ત દરોડા પાડી દુકાનમાંથી સેમ્પલ લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના માલપુર રોડ રોકડીયા હનુમાન મંદિર સામે આવેલી જયભવાની રસમલાઈ સ્વીટ માર્ટ અને નમકીન ભંડારમાંથી ડુઘરવાડા ગામના યુવાનોએ ચાલુ પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવના મંદિરમાં દર્શનાર્થે આવતા ભક્તોને પ્રસાદી તરીકે આપવા વિવિધ મીઠાઈની ખરીદી કરી હતી. આ મીઠાઈ સ્વાદમાં ખાટી લાગતા તેમજ પ્રસાદ સ્વરૂપે લીધેલી મીઠાઈથી ડુઘરવાડા ગામના ૫ થી વધુ લોકોને ફૂડ પોઈઝનીંગની અસર થતા ઉલ્ટીઓ શરૂ થવા માડતા યુવાનોને તેમને ખરીદેલી મીઠાઈમાં ગરબડ જણાતા આ અંગે રસમલાઈ સ્વીટમાર્ટના દુકાનના માલીકનો સંપર્ક કરતા ઉલ્ટા ચોર કોટવાલ કો ડાંટે તેમ માલીક દ્વારા યુવાનો સાથે



ઉધ્ધતાઈપૂર્વક વર્તન કરી મીઠાઈ તેમની દુકાનમાંથી ખરીદવામાં આવી નથી તેમ હળાહળ ખોટુ બોલતા ફરીયાદ કરવા આવેલા યુવાનો હેબતાઈ ગયા હતા અને આ દુકાન માલીકને પાઠ ભણાવવા તેમજ અન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા ન થાય તે માટે જિલ્લા વહીવટીતંત્રના પુરવઠા વિભાગતંત્રને અરજી આપતા જિલ્લા પુરવઠા અધિકારી, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને નગરપાલિકા તંત્ર દ્વારા સંયુક્ત દરોડા પાડવામાં આવતા રસમલાઈ સ્વીટ માર્ટનો માલિક હાંફળોફાંફળો બની ગયો હતો. સંયુક્ત ટીમ દ્વારા તેના રહેઠાણ પર પણ દરોડા પાડી સેમ્પલ લઈ કાર્યવાહી હાથ ધરી હતી. રસમલાઈ સ્વીટમાર્ટ પર મંગળવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ દરોડા પડતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ડુરવાડાના યુવાનોના જણાવ્યા અનુસાર અગાઉ આ રસમલાઈ નામની દુકાનમાંથી ત્રણવાર ખરીદી કરવામાં આવી હતી ત્યારે પણ મીઠાઈમાંથી દુર્ગંધ આવવાની સાથે મીઠાઈનો સ્વાદ ખાટો જણાતા મીઠાઈનો નાશ કરી દીધો હતો. પરંતુ સોમવારે ખરીદાયેલી મીઠાઈ આરોગવાથી ૫ થી વધુ લોકોને ફૂડ પોઈઝનીંગની અસર થતા નકલી મીઠાઈ વેચતા વેપારીને પાઠ ભણાવવા જિલ્લા પુરવઠા અધિકારીને જાણ કરી સખ્ત કાર્યવાહી કરવા અરજી આપવામાં આવી હતી.

# પાલનપુર ખાતે ઠાકોર સેના દ્વારા ભ્રષ્ટ નેતાના પૂતળાદહનનો કાર્યક્રમ

પાલનપુર, તા. ૧

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ભ્રષ્ટ નેતા-બુટલેગર અને પોલીસ અધિકારીના ત્રાસથી ભાભરના પોલીસ કોન્સ્ટેબલે કરેલી કથિત આત્મહત્યાના જિલ્લાભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે પાલનપુર ખાતે ક્ષત્રિય ઠાકોર સેનાએ ભ્રષ્ટ નેતા-બુટલેગર અને પોલીસ અધિકારીના પૂતળાદહનનો કાર્યક્રમ યોજાયો હતો. દરમિયાન ઠાકોર સેનાએ પોલીસ કોન્સ્ટેબલના અપમૃત્યુની સીબીઆઈ તપાસની માંગ કરી હતી. ભાભરના પોલીસ કોન્સ્ટેબલ નાગજીભાઈ ઠાકોરે ગતરોજ આત્મહત્યા કરી હતી. પોલીસ કોન્સ્ટેબલે સુસાઈડ નોટમાં ભાભરના રાજકીય નેતાઓ, બૂટલેગરો અને ભાભર પીએસઆઈના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ કરતા જિલ્લાભરમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે ક્ષત્રિય ઠાકોર સેના પણ મેદાને પડી છે. આજે પાલનપુર ખાતે ક્ષત્રિય ઠાકોર સેનાએ અને ઓબીસી એકતા મંચના ઉપક્રમે ભ્રષ્ટ નેતા-પોલીસ અધિકારી અને બુટલેગરના પૂતળાઓનું દહન કરાયું હતું.

બાદમાં ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં ચીટનીશ ટુ કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતુ. જેમાં આ ઘટનાની સીબીઆઈ તપાસની માંગ કરાઈ હતી. અને ચાર દિવસમાં માંગ નહિ સંતોષાય તો બનાસકાંઠા બંધના એલાનની ચીમકી અપાઈ હતી.



## બનાસડેરી સામે આપનું આંદોલન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા જ સરહદી બનાસકાંઠા જિલ્લામાં આમ આદમી પાર્ટી પણ સક્રિય બની છે. બનાસડેરી દ્વારા બનાસદાણામાં થયેલા ભાવવધારા સામે આમ આદમી પાર્ટીએ બાંયો ચડાવી છે. જેના ભાગરૂપે આજે પાલનપુર ખાતે રેલી યોજવામાં આવી હતી. જોકે, પોલીસ પરમિશન ન મળતા આપના કાર્યકરોની અટકાયત કરાઈ હતી. એશિયાની નંબર વન ગણાતી બનાસડેરી દ્વારા બનાસદાણામાં છેલ્લા છ માસમાં ચાર વખત અસહ્ય ભાવવધારો કરાયો છે. જેને કારણે ખેડૂતોની કમર તોડવાનો પ્રયાસ થયો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં આમ આદમી પાર્ટી ખેડૂતોની વ્હારે ચડી છે. બનાસદાણામાં ભાવ ઘટાડાની માંગ સાથે આજે પાલનપુર ખાતે આમ આદમી પાર્ટીએ રેલી યોજી આંદોલન છેડવાની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે આપના કાર્યકરો રેલી સ્થળે આવી પહોંચ્યા હતા. જ્યાંથી તેવોએ ડેરીના ચેરમેન શંકર ચાધરી હાય હાય સહિતના સૂત્રોચ્ચાર સાથે રેલી યોજવાનો પ્રયાસ કર્યો હતો. જો કે મંજુરી વિના રેલી યોજવા બદલ આપના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.



## તલોદ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ

તલોદ નગરના અતિ પ્રાચીન શ્રી રાધા કૃષ્ણ મંદિરના મણિબા સત્સંગ હોલ ખાતે સમગ્ર શ્રાવણ માસ દરમિયાન શ્રીમદ્ ભાવગત કથાનું આયોજન થયેલ છે. તલોદના જાણીતા વિદ્વાન કથાકાર શ્રી હરિપ્રસાદ કેશવલાલ શાસ્ત્રી પોતાની આગવી શૈલીથી સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ભકતોને કથા શ્રવણ કરાવી રહ્યા છે. પ.પૂ. બ્ર. શ્રી ડોંગરેજી મહારાજના કૃપાપાત્ર શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી ડોંગરેજી મહારાજની શૈલીમાં જ કથાનું રસપાન કરાવતા હોઈ ભકતોને પૂ. ડોંગરેજી મહારાજની યાદ તાજી થઈ હતી. શ્રાવણ વદ અમાસને ગુરુવારના દિવસે કથાની પૂર્ણાહૂતિ થશે.

# પાલનપુર આદર્શ નિવાસી શાળાની બાળાઓ જિલ્લાકક્ષાની કબડ્ડીની સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા

પાલનપુર, તા. ૧

જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાકક્ષાની શાળાકીય અંડર-૧૯ કબડ્ડી સ્પર્ધા પાલનપુર આદર્શ નિવાસી શાળા ખાતે યોજાઈ હતી. જેમાં પાલનપુર આદર્શ નિવાસી શાળાની બહેનોએ જિલ્લામાં પ્રથમ નંબરે વિજેતા બની શાળા અને પાલનપુર તાલુકાનું ગૌરવ વધાર્યું છે. આ વિજેતા ટીમ હવે રાજ્યકક્ષાએ રમવા જશે.

કબડ્ડીની વિજેતા ટીમમાં વિદ્યાર્થીની હેતલ આઈ. ડાભી, લક્ષ્મી બી. પરમાર, પુષ્પા બી. ડામોર, શારદા કે. ચૌધરી, કમળા પી. માળી, વિમળા પી. માળી, હંસા વી. ભગોરા, કિંજલ કે. શ્રીમાળી, ભૂરી બી. પરમારે ભાગ લીધો હતો. આ બાળાઓને જવલંત સફળતા અપાવવા શાળાના આચાર્ય એન.કે. ચૌધરી અને વ્યાયામ શિક્ષક પી.એચ. પટેલે માર્ગદર્શક અને કોચ તરીકેની ભૂમિકા અદા કરી હતી.

આ કબડ્ડીની સ્પર્ધામાં બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાની ટીમો રમવા માટે આવી હતી. આ સ્પર્ધાના અધ્યક્ષ અને ભોજનદાતા પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી નિલમબેન જાનીએ બાળકોને શુભેચ્છાઓ પાઠવી જિલ્લાનું ગૌરવ વધારવા અભિનંદન પાઠવ્યા હતા.



## તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

રીતે જોઈએ તો બંનેની વાત ગળે ઉતરતી નથી. એ સાચું છે કે શ્રાવણ માસ પવિત્ર મહિનો છે. ચોમાસાના દિવસોમા શ્રાવણ માસ આવે છે. એટલે તમારી પાચનશક્તિ નબળી હોય છે અને ઉપવાસના નામે આ મહિનામા એટલી બધી કેલરી શરીરમાં નાખો છો કે કદાચ એક વર્ષમા ૧૧ મહિના સુધી આટલી કેલરી આપના શરીરમા જતી નથી. સંગીતાબેન પણ સાચા છે. પણ સવારે ચા-નાસ્તા સાથેની વેફર્સ પછી બપોરે વધારે જમવાનું, જમી ને સુઈ જવાનું. અને રાતના બફ્વડા એ હાનીકારક છે. સંગીતાબેનને શ્રાવણ મહિનો કરવો જોઈએ પણ તેમા થોડા સુધારા કરવા જોઈએ . જે ખોરાકમા કેલરી વધારે હોય તેવા ખોરાક ન લેવા જોઈએ. બટાકા તળેલી કાતરી ન લેવી. સાબુદાણાની કાતરી, બફ્વડા ને દૂર કરીને હોજરીને બને એટલી ઓછી કેલરી આપીને શંકર ભગવાનનું ભજન કરવું જોઈએ તો વધારે યોગ્ય નથી લાગતું? આપના ઋષિમુનીઓએ જે કઈ સંશોધન કર્યા છે એ આજના યુગના વૈજ્ઞાનિકોને શરમાવે એવા નિયમો છે. ભગવાન શંકરની ભક્તિ કરવી એ આપણો હક્ક છે અને એ ભક્તિ કરવી જોઈએ. પણ ઉપવાસના નામે ઉપહાસ ન કરવો જોઈએ . એ સાચું છે કે ઉપવાસ કરવાથી તમારું આત્મબળ વધારે મજબૂત બને છે. તમારી કામ કરવાની શક્તિ વધારે ખીલે છે. ઉપવાસ કરવાથી ભગવાન રાજી થાય છે કે નહિ એ ખબર નથી પણ ચોમાસાની ઋતુમાં તમારા શરીર માટે સાચો ઉપવાસ આપના શરીરને ૧૦૦ ટકા ફાયદો કરે છે. જેમ કે જૈનમુની અને જૈનો ઉપવાસ કરે છે કે ગરમ પાણી પીવાનું અને ફળ, ફ્રુટ અને સલાડ ઉપર સમય પસાર કરવાનો. શક્ય હોય ત્યાં સુધી પ્રવાહી ખોરાક લેવો જોઈએ જે આપણને સાચી રીતે ઉપવાસ કરવામાં મદદગાર થાય. અને હા ભક્તિ તો કરવાની. જેમકે મુસલમાન ભાઈઓ રોજા રાખે છે. તેમ ઉપવાસ કરવો વધારે સારો છે. હા તેમાં પણ રોજા છૂટતાની સાથે વધારે કેલરીવાળો ખોરાક લેવો એ હિતાવહ નથી. તે પણ સૂધારવાની જરૂર છે.

હવે વાત કરીએ ઉમેશ મહારાજની. ઉમેશ મહારાજની કામગીરી પણ ખરેખર બિરદાવા જેવી છે. દીવસ ૮ - ૯ કલાક ભગવાનનું નામ લેવું અને યજમાન પાસે લેવડાવું. અને શંકર ભગવાનનો રાજીપો લેવો અને યજમાનને આપાવવો એ સારી વાત છે. તેમાંથી પણ વધારે કેલરીવાળો ખોરાક જેવો કે લાડુ, માવાની મીઠાઈ, તળેલી વસ્તુઓ જેવી કે પૂરી, બટાકાના ભજીયા અથવા ગોટા દૂર કરવા જોઈએ. બાકી ઉમેશભાઈ કશું ખોટું કરતા નથી. આપને કલ્પના કરી એ કે ઉમેશ ભાઈ આખો શ્રાવણમાસ લાડુ અને કેલરીવાળી વસ્તુ ઉપર રહીને કેટલું વજન વધારતા હશે. આ પણ એક વિચારવા જેવી વાત છે. ઉપવાસ કરવો પણ ઉપહાસ ન કરવો.

ઘણા લોકો સાવ નક્કોડા એટલે કે પાણી પણ લેવા નું નહિ. એવું કરીને પણ ઉપવાસ કરતા હોય છે. જેને નક્કોડા ઉપવાસ કહે છે. જે યોગ્ય છે? આ રીત પણ ખોટી છે. ઓછી કેલરીવાળો અથવા તો પ્રવાહી ખોરાક જેમકે ફળોના રસ લઈને જ ઉપવાસ કરવો જોઈએ. જૈનોમા અઠ્ઠઈ (૮ દિવસનો ઉપવાસ) અસખ્ય લોકો કરતા હોય છે. પણ શું આ યોગ્ય છે? તો જવાબ મળે છે ના. આમાંથી ઘણા લોકોને કાયમી બીમારી ઘૂસી જતી હોય છે. કઈ ન લેવાના લીધે શરીરમાં અસહ્ય અશક્તિ આવે છે. લોહીમાં એસીટોન નામનું ઝેર પેદા થાય છે. જેનાથી ઉલટી થાય છે. શરીરનું પાણી ઓછું થઈ જાય છે. અને પાણી ન લેતા હોવાને કારણે અસહ્ય અશક્તિ આવી જાય છે. જે શરીર માટે ખૂબ ખરાબ છે. શું આમા ભગવાન મદદ કરતા હશે? આમ તો ઘણું બધું લખી શકાય. ઉપવાસ કરવાથી ભગવાન મળે? એ ખબર નથી પણ તમારામા આત્મશક્તિનો ઉદય થાય જ છે.

હવે તમારે નક્કી કરવાનું છે કે ભગવાનની આરાધના કેવી રીતે કરવી.

## સાદી કેદની સજા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયુડીશિયસ કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે વિરલ એસ પટેલે દલીલો કરી હતી જે દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ ઝફરુઉલ્લાખાન અતાઉલ્લાખાન સિંધીએ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

## નિરિક્ષણ કર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીની મુલાકાત લીધી હતી. મંત્રીની મુલાકાતથી સફાળા જાગેલા આર ટી ઓ તંત્ર દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આર ટી ઓ કચેરીની મુલાકાત દરમિયાન વાહન વ્યવ્હાર મંત્રીએ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનુ નિરિક્ષણ કર્યુ હતુ કચેરીમાં આવેલી અરજદાર મહીલાએ મંત્રીને ટ્રેકની કસોટી અઘરી હોવાની રજુઆત કરી હતી. ત્યારે ટ્રેક પર કસોટી આપતા વાહનચાલકોને અગાઉ માર્ગદર્શન આપવામાં આવતુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ હતુ. વાહનચાલકો ટ્રાફિકના નિયમન મુજબ શ્રેષ્ઠ ડ્રાઈવર બને તેવા આશય સાથે માર્ગ સલામતીને સ્પર્શતા મુદાઓને ધ્યાને લઈ ટ્રેક તૈયાર કરાયો હોવાનુ પણ તેમને જણાંવાયુ હતુ. જયારે જુની નંબર પ્લેટમાં નંબરો ગાયબ થઈ જતા હોવાની ફરિયાદો સંદર્ભે પણ તેમણે પૃચ્છા કરી હતી જો કે હવે નવી એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હોવાથી આ સમસ્યા દુર થઈ હોવાની વિગતો પણ તંત્રએ તેમને આપી હતી. આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીના લીધે સર્વર ડાઉન થતા આર સી બુકનુ કામ પણ પેન્ડીંગ હોવાનુ વાહનવ્યવ્હાર મંત્રીના ધ્યાને આવ્યુ હતુ. સુત્રોના જણાંવ્યા મુજબ ૩ હજાર આર સી બુક પેન્ડીંગ છે.આર ટી ઓ કચેરી ઉપરાંત નગરના એસ ટી ડેપોની પણ તેમણે મુલાકાત લીધી હતી. જયાં વર્કશોપમાં ફાટેલા ટાયર તેમજ ભંગાર દુર કરવા પણ સુચના આપી હતી. આ દરમિયાન તેમણે ડેપોના શૌચાલય તેમજ સંકુલની સફાઈ વ્યવસ્થા પણ ચકાસી હતી. ડેપો સંકુલમાં કંગાળ માર્ગ પર ડામર પાથરવા માટે પણ સુચના આપી હતી. વાહનવ્યવ્હાર મંત્રીની સાથે સ્થાનિક ધારાસભ્ય અશોક પટેલ પણ હાજર રહયા હતા.

## વેલકમ ઓફર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દુનિયાભરમાં કંપનીઓ માત્ર ડેટા માટે જ ચાર્જ લે છે. વોઈસ કોલ અને મેસેજ મફત કરી દેવામાં આવ્યા છે. જીયો ગ્રાહકો માટે વોઈસ કોલ બિલકુલ મફત રહેશે. જીયો ભારતને એક નવા યુગમાં લઈ જશે. તેમણે કહ્યું હતું કે સસ્તા ડેટા તમામ લોકો માટે રહે તે જરૂરી છે. જેથી જીયોમાં ડેટાના આધારના દર વર્તમાન દરના ૧૦માં હિસ્સાના સમાન રહેશે. અંબાણી એમ પણ કહ્યું હતું કે અમારા ડેટા પ્લાનમાં પ્રભાવી દરો પાંચ પૈસા પ્રતિ મેગા બાઈટ અથવા ૫૦ રૂપિયા પ્રતિ જીબી ગેગાબાઈટ રહેશે. જેટલા વધારે ડેટા તમે લેશો તેના દર તેટલા જ ઓછા રહેશે. જીયો-૪ની સેવાને બજારમાં અન્ય સેવા આપનારથી અલગ ગણાવીને તેમણે કહ્યું હતું કે કિંમત રણનીતિ દરેક ભારતીય માટે સામાન્ય હોવી જોઈએ. તેમણે કહ્યું હતું કે દેશમાં હજુ દૂરસંચાર માટે વધુ ૨ ૨૦૦૦ના દર છે. જીયોની કિંમત રણનીતિમાં મુખ્ય ૧૦ પ્લાન રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જીયોના ગ્રાહકોને કોઈપણ પ્રકારના બ્લેકઆઉટ દિવસનો સામનો કરવો પડશે નહીં. અંબાણીએ વિદ્યાર્થીઓ માટે એક નવી ઓફરની જાહેરાત કરી હતી. જેમાં જીયો નેટવર્કના દર પર ૨૫ ટકા વધારે ડેટા મળશે. મફત વેલકમ ઓફર હેઠળ કંપની મફત ડેટા, વોઈસ અને વીડિયોની ઓફર કરી રહી છે. તમામ માટે આ બિલકુલ મફત રહેશે.

અંબાણીએ દાવા સાથે કહ્યુ હતુ કે વિશ્વમાં ડેટા માટે આ સૌથી ઓછી કિમત રહેશે. જીયો પર દરેક લેવડ દેવડ બાદ આપના બિલને પણ જોઈ શકાશે. મુંબઈમાં આજે આરઆઈએલની ૪૨મી શેર હોલ્ડરોની બેઠકમાં વાતચીત કરતા તેમણે આ મુજબની માહિતી આપી હતી.અંબાણીએ કહ્યુહતુ કે રિલાયન્સ જિયોના મિશન લોકોને વધુને વધુ સુવિધા પાડવા માટે છે.